# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ-૦૩** **તા. ૨૬/૦૬/૨૦૧૮**

---

**કોંગ્રેસ સંગઠનમાં જ્યારથી આંતરિક લોકશાહીની સમાપ્તિ થઈ અને પરિવારવાદના જન્મ સાથે જ કટોકટીની માનસિકતાના બીજ રોપાયા હતા. - શ્રી અમિતભાઈ શાહ**

---

**કોંગ્રેસે પરિવારવાદ, જાતિવાદ અને તૃષ્ટિકરણની રાજનીતિને લોકતંત્રમાં દાખલ કરી લોકતંત્રને ખોખલુ કર્યું**

---

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી લિખિત "સંઘર્ષમાં ગુજરાત" પુસ્તકમાંથી કટોકટીકાળના સંઘર્ષને વાંચી યુવાપેઢીએ તેમાંથી પ્રેરણા લેવી જોઈએ.**

---

**શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પરિવારવાદ, જાતિવાદ અને તૃષ્ટિકરણની રાજનીતિને દેશમાંથી તિલાંજલિ આપી વિકાસની રાજનીતિ એટલે કે પોલિટિક્સ ઓફ્ પર્ફોમન્સના નવા આયામો દેશ સમક્ષ મુક્યા છે.**

---

**આજે ન્યાયતંત્રની સ્વતંત્રતાની વાતો કરનાર કોંગ્રેસે લાદેલ કમીટેડ જ્યુડીશીયરીની વાત યાદ કરવી જોઈએ.**

---

**અભિવ્યક્તિની આઝાદી બાબતે વાત કરનાર લોકો થોડુક પાછળ વળીને જુએ તો તેમના પૂર્વજો દ્વારા કેવી રીતે આકાશવાણીને કોંગ્રેસ વાણીમાં ફેરવી નાખી હતી ?**

---

**અત્યારની ભારતીય જનતા પાર્ટીના તે સમયના આર.એસ.એસ. અને જનસંઘના યુવા કાર્યકર્તાઓને બંધક બનાવીને જેલમાં પૂરી રાખ્યા હતા. ૧ લાખ ૫૬ હજાર મિસાવાસીઓમાંથી ૯૫ હજાર કાર્યકર્તાઓએ ભાજપાના વિચાર પરિવારના હતા કે જેમને કોંગ્રેસે બંધક બનાવી દીધા હતા.**

---

**ભારતમાં લોકશાહી એ માત્ર આઝાદીકાળથી નહિ પરંતુ આદિકાળથી ચાલી આવે છે. દ્વારકા અને મગધ જેવા ગણતંત્રો અખંડ ભારતમાં અસ્તિત્વ ધરાવતા હતા તે આપણા માટે ગૌરવ લેવાની બાબત છે.**

---

**લોકશાહીને નેસ્તનાબુદ કરવાનું સૌ પ્રથમ પ્રયાસ દેશમાં જો કોઈએ કર્યો હોય તો તે કોંગ્રેસના શ્રીમતી ઈન્દિરાજી દ્વારા કરવામાં આવ્યો હતો. ૩૫૬ની કલમનો દુરૂપયોગ કરી સરકારોને બરખાસ્ત કરી.**

---

**પરિસ્થિતિઓ અને અધ્યાદેશના કારણે નહિ પરંતુ નેતાઓની માનસિકતામાંથી કટોકટી આવે છે.**

---

**દેશની જનતા આ કાળાકાળને ન ભૂલે અને ભવિષ્યમાં પણ ક્યારેય કોઈપણ કટોકટી લાદવાની હિમંત ન કરે તે માટે ભારતીય જનતા પાર્ટીએ આ કટોકટીના દિવસને કાળા દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કર્યો છે.**

---

**આજેપણ કોંગ્રેસના પક્ષમાં કોઈપણ જજમેન્ટ આવે તો કોર્ટ મહાન થઈ જાય છે અને વિપક્ષમાં કોઈપણ નિર્ણય થાય તો કોંગ્રેસ ઈમ્પીચમેન્ટ લાવે છે.**

---

**કટોકટીકાળ બાબતે વારંવાર ચર્ચા કરવાના કારણે આપણામાં લોકતંત્રને બચાવવાની ભાવના મુક્ત કરાવવાના આંદોલનોની શીખ તેમાંથી મળી રહે છે.**

..૨..

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



---

**કોંગ્રેસના પૂર્વજોએ સંવિધાનિક સંસ્થાઓને ખોખલી કરી દીધી હતી અને તેની પર બુલડોઝર ફેરવીને ધ્વસ્ત કરવાનું કામ કોંગ્રેસે કર્યું હતું તે ન ભૂલવું જોઈએ.**

---

**કોંગ્રેસના નેતાઓએ ૨૬જુનના કટોકટીના ઈતિહાસને વાંચવો જોઈએ અને પછી આક્ષેપબાજી કરવી જોઈએ.**

---

**ભારતીય જનતા પાર્ટી આંતરિક લોકશાહીના મુલ્યોના આધારે ચાલી રહી છે. પાર્ટીના કાર્યક્રમોના પોસ્ટર લગાડનાર એક કાર્યકર્તા પાર્ટીનો રાષ્ટ્રીય અધ્યક્ષ બની શકે અને એક સામાન્ય પરિવારમાં ચા વેચનાર વ્યક્તિ પોતાના સંઘર્ષ અને નિષ્ઠાના આધારે દેશનો વડાપ્રધાન બની શકે છે.**

---

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે આજે અમદાવાદમાં કટોકટીકાળ દરમ્યાન કોંગ્રેસ સરકાર દ્વારા જેલમાં બંધ કરેલ લોકતંત્રના પ્રહરી મિસાવાસીઓ અને જનસંઘના કાર્યકર્તાઓના સંમેલનને સંબોધીત કર્યુ અને લોકતંત્રનું ગળુ ઘોંટનારી માનસિકતા માટે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે કટોકટીના કાળાકાળના સંઘર્ષના સાથીઓ અને લોકતંત્રના રખેવાળ સૌ મીસાબંધુઓને વંદન કરતા જણાવ્યું હતું કે, ઈતિહાસના કાળાકાળને ભૂલી જવું ઉચિત હોય છે, પરંતુ દેશની જનતા આ કાળાકાળને ન ભૂલે અને ભવિષ્યમાં પણ ક્યારેય કોઈપણ કટોકટી લાદવાની હિમંત ન કરે તે માટે ભારતીય જનતા પાર્ટીએ આ કટોકટીના દિવસને કાળા દિવસ તરીકે મનાવવાનો નિર્ણય કર્યો છે. જન્મદિવસ, સ્મૃતિ દિવસ, એ કોઈપણ વ્યક્તિ કે કોઈપણ સારા કાર્ય અથવા તો સારા વિચારની યાદ અપાવે છે, તેવી જ રીતે દોઢ લાખથી પણ વધુ લોકોને ૧૯ મહિના સુધી જેલમાં કોંગ્રેસે પૂરી રાખ્યા તે અંગે કોઈને કોઈ સ્વરૂપે નવી પેઢી સુધી વાત પહોંચાડી શકાય કે તેમના પૂર્વજોએ કટોકટી કાળ દરમ્યાન તેઓ કલ્પના પણ ન કરી શકે તેટલી યાતનાઓ વેદનાઓ તેમને સહન કરવી હતી. એક કારમા વ્રજઘાતનું કામ કોંગ્રેસે દેશના લોકો પર કર્યું હતું. તે દેશના લોકો આજે પણ ભૂલી શક્યા નથી. કટોકટીકાળ બાબતે વારંવાર ચર્ચા કરવાના કારણે આપણામાં લોકતંત્રને બચાવવાની ભાવના, લોકતંત્રને દબાવવા માટે પ્રચાર માધ્યમોને બંધક બનાવ્યા હતા તેને મુક્ત કરાવવાના આંદોલનોની શીખ તેમાંથી મળી રહે છે.

શ્રી અમિતભાઇ શાહે જણાવ્યુ હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી લિખિત "સંઘર્ષમાં ગુજરાત" પુસ્તકમાંથી કટોકટીકાળના સંઘર્ષને વાંચી યુવાપેઢીએ તેમાંથી પ્રેરણા લેવી જોઈએ. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પરિવારવાદ, જાતિવાદ અને તૃષ્ટિકરણની રાજનીતિને દેશમાંથી તિલાંજલિ આપી વિકાસની રાજનીતિ એટલે કે પોલિટિક્સ ઓફ પર્ફોમન્સના નવા આયામો દેશ સમક્ષ મુક્યા છે.

રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે કોંગ્રેસ દ્વારા ફેલાવાતા જુઠાણા અને અપપ્રચાર સામે તીવ્ર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, અભિવ્યક્તિની આઝાદી બાબતે વાત કરનાર લોકો થોડુક પાછળ વળીને જુએ તો તેમના પૂર્વજો દ્વારા આકાશવાણીને કોંગ્રેસ વાણીમાં ફેરવી નાખી હતી. અભિવ્યક્તિની સ્વતંત્રતાની વાતો કરનાર કોંગ્રેસે તે સમયે આર.એસ.એસ. અને જનસંઘના કાર્યકર્તાઓ પર સૌથી વધારે જુલ્મ કર્યો હતો. અત્યારની ભારતીય જનતા પાર્ટીના તે સમયના આર.એસ.એસ. અને જનસંઘના યુવા કાર્યકર્તાઓને બંધક બનાવીને જેલમાં પૂરી રાખ્યા હતા. ૧ લાખ ૫૬ હજાર મિસાવાસીઓમાંથી ૯૫ હજાર કાર્યકર્તાઓએ ભાજપાના વિચાર પરિવારના હતા કે જેમને કોંગ્રેસે બંધક બનાવી દીધા હતા.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે દેશના સ્વર્ણિમ ઈતિહાસને યાદ કરતા જણાવ્યું કે ભારતમાં લોકશાહી એ માત્ર આઝાદીકાળથી નહિ પરંતુ આદિકાળથી ચાલી આવે છે. દ્વારકા અને મગધ જેવા ગણતંત્રો અખંડ ભારતમાં અસ્તિત્વ ધરાવતા હતા તે આપણા માટે ગૌરવ લેવાની બાબત છે. લોકશાહીને નેસ્તનાબુદ કરવાનું સૌ પ્રથમ પ્રયાસ દેશમાં જો કોઈએ કર્યો હોય તો તે કોંગ્રેસના શ્રીમતી ઈન્દિરાજી દ્વારા કરવામાં આવ્યો હતો. આઝાદી પછી લાંબા સમય સુધી કોંગ્રેસની સરકાર હતી. કોંગ્રેસ સરકારની કાર્ય પદ્ધતિના કારણે લોકોમાં ભયંકર રોષ ફેલાયો હતો. તેના ફળ સ્વરૂપે દેશમાં કોંગ્રેસની સામંતશાહી માનસિકતાના વિરોધીઓ એક થયા ત્યારથી જ કટોકટીના બીજ કોંગ્રેસના મનમાં રોપી ગયા હતા. ૩૫૬ની કલમનો ઉપયોગ કરીને સરકારોને બરતરફ કરવામાં આવી હતી અને કોંગ્રેસીઓના મોઢે માત્ર એક જ વાત હતી કે 'ઈન્ડિયા ઈઝ ઈન્દિરા, ઈન્દિરા ઈઝ ઈન્ડિયા'. ઈલાહાબાદ હાઈકોર્ટમાં નિર્ણય થયો પણ તેની સામે સંસદની અંદર મત આપવાના અધિકારને કોંગ્રેસે છીનવી લીધો અને તેમની સામે આવેલા ફેસલાના સામે લોકશાહીની હત્યા કરી કટોકટી લાદી દીધી.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે કોંગ્રેસની લોકશાહી વિરોધી માનસિકતાને છતી કરતા જણાવ્યું કે, પરિસ્થિતિઓના કારણે અથવા તો અધ્યાદેશના કારણે નહિ પરંતુ નેતાઓની માનસિકતા જ કટોકટી લાદી શકે. કોંગ્રેસમાં કટોકટી લાદવાના બીજ રોપણ ૧૯૬૫ પછી જ થઈ ગયું હતું. કોંગ્રેસે પાર્ટીની આંતરિક લોકશાહીની ૧૯૬૫માં જ ખત્મ કરી દીધી હતી. જેના કારણે કટોકટીનો મૂળ વિચાર કોંગ્રેસના મનમાં આકાર લેવા લાગ્યો હતો. વંશવાદ, પરિવારવાદ, જાતિવાદ અને તુષ્ટિકરણના ઝેરના કારણે લોકશાહીની ઊંડાઈઓ ખત્મ થવા લાગી હતી. કોર્ટના ફેસલાથી બચવા શ્રી ઈન્દિરાજીએ કટોકટી લગાડી દીધી હતી જનસંઘના શીર્ષસ્થ નેતૃત્વની ધરપકડ કરી હતી. સામાજિક સંસ્થાઓ પણ પ્રતિબંધ લાદી દીધો હતો. અખબારો, વાણી સ્વતંત્રતા, બીજી રાજકીય પાર્ટીઓની ગતિવિધિઓ પૂર્ણ રૂપે પ્રતિબંધિત કરી દેવામાં આવી હતી. આખા દેશમાં ભય અને આંતકનો માહોલ વ્યાપી ગયો હતો. ૧ લાખ ૪૦ હાજર જેટલા લોકો જેલમાં હતા પણ તેમની જમાનતને રોકી શકાય તે માટે એક કમીટેડ જ્યુડીશીયરી કોંગ્રેસે સ્થાપી દીધી હતી. હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના ફેસલાઓ પર કોંગ્રેસનો અંકુશ આવી ગયો હતો. આ બધાની સામે ભારતીય જનસંઘની આગેવાનીમાં દેશભરમાં સંઘર્ષ શરુ થયો દેશભરમાં કટોકટી સામે ગતિવિધિઓ થવા લાગી હતી. આજે ન્યાયતંત્રની સ્વતંત્રતાની વાતો કરનાર કોંગ્રેસે લાદેલ કમીટેડ જ્યુડીશીયરીની વાત યાદ કરવી જોઈએ. આજેપણ કોંગ્રેસના પક્ષમાં કોઈપણ જજમેન્ટ આવે તો કોર્ટ મહાન થઈ જાય છે અને વિપક્ષમાં કોઈપણ નિર્ણય થાય તો કોંગ્રેસ ઈમ્પીચમેન્ટ લાવે છે. સત્તામાં હોઈ ત્યારે કોંગ્રેસ માટે કમિટેડ જ્યુડિશિયરી અને વિપક્ષમાં હોઈ ત્યારે ઈમ્પીચમેન્ટને હથિયાર તરીકે ઉપયોગ કરે છે.

રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, પ્રેસ અને મીડિયાની સ્વત્રંતાની વાતો કરનાર કોંગ્રેસને યાદ હોવું જોઈએ કે, કટોકટીના કાળ દરમ્યાન ભય અને આંતકનો માહોલ મીડિયા સામે કોંગ્રેસે ઉભો કર્યો હતો.

રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે કોંગ્રેસના સંવૈધાનિક સંસ્થાઓના ઉપયોગના આક્ષેપ સામે તીવ્ર પ્રત્યાઘાત આપતા જણાવ્યું કે, કોંગ્રેસના પૂર્વજોએ સંવૈધાનિક સંસ્થાઓને ખોખલી કરી દીધી હતી અને તેની પર બુલડોઝર ફેરવીને ધ્વસ્ત કરવાનું કામ કોંગ્રેસે કર્યું હતું તે ન ભૂલવું જોઈએ. ૩૫૬ની કલમનો કોંગ્રેસે સૌથી વધુ ૧૨૦ વખત ઉપયોગ કર્યો છે.૧૫-૧૫ ચુંટાયેલી સરકારોને એકસાથે બરતરફ કરનાર કોંગ્રેસ કયા મોઢે લોકતંત્રની વાત કરે છે તે સમજાતું નથી. કોંગ્રેસના નેતાઓએ ૨૬ જુનના કટોકટીના ઈતિહાસને વાંચવો જોઈએ અને પછી આક્ષેપબાજી કરવી જોઈએ.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે કટોકટીકાળના ઈતિહાસને દોહરાવતા જણાવ્યું કે, કોંગ્રેસે આપાતકાળ દરમ્યાન બંધારણના ૪૧ આર્ટીકલમાં ફેરફાર કર્યા અને ૧૧ નવા આર્ટીકલ કોંગ્રેસે ઉમેર્યા હતા. તે સમયે સંસદમાં કોઈને પણ સંસદમાં બોલવાનો અધિકાર નહોતો માત્રને માત્ર અપક્ષ નેતા પરસોતમ ગણેશ માવલંકર તે સમયે વિરોધ કરતા હતા. તેની વિગત આજે પણ સંસદમાં મોજુદ છે. તેનો દરેકે દરેક વ્યક્તિએ અભ્યાસ કરવો જોઈએ અને અભ્યાસ કરી જાણવું જોઈએ કે, લોકશાહીના અવાજને કોંગ્રેસે કેવી રીતે દબાવી દીધી હતી. તે પછી શ્રી જયપ્રકાશજીના નેતૃત્વમાં જનતાદળની સરકાર બની અને કોંગ્રેસ દ્વારા કટોકટી કાળ દરમ્યાન કરવામાં આવેલ સંશોધનોને કાઢી નાખવામાં આવ્યા અને લોકશાહીનો પાયો મજબુત બને તે માટે આર્ટીકલ ૧૪ અને ૧૯ને પણ મજબુત કરવામાં આવ્યો જેના કારણે આજે કોઈપણ તેનો તાનાશાહી વિચાર દેશ પર ન લાદી શકે.

રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીએ વધુમાં જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટી આંતરિક લોકશાહીના મૂલ્યોના આધારે ચાલી રહી છે. પાર્ટીના કાર્યક્રમોના પોસ્ટર લગાડનાર એક કાર્યકર્તા પાર્ટીનો રાષ્ટ્રીય અધ્યક્ષ બની શકે અને એક સામાન્ય પરિવારમાં ચા વેચનાર વ્યક્તિ પોતાના સંઘર્ષ અને નિષ્ઠાના આધારે દેશનો વડાપ્રધાન બની શકે તેવી લોકતાંત્રિક વ્યવસ્થા ભાજપામાં છે. દેશભરમાં ભાજપા સિવાય અન્ય બધી રાજકીય પાર્ટીઓ અથવા તો પરિવારની પાર્ટી રહી ગઈ છે અથવા તો કોઈ એક જ્ઞાતિની પાર્ટી બનીને રહી ગઈ છે. જનસંઘે લોકશાહીને બચાવી છે. આજે ૧૦ સભ્યોથી ગઠિત થયેલી પાર્ટી ૧૧ કરોડ સભ્યોવાળી વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની ગઈ છે. બે સાંસદ સભ્યોવાળી પાર્ટીના આજે ૩૨૦થી પણ વધુ સંસદસભ્યો છે. જયારે દેશની સૌથી જૂની પાર્ટી ૪૧૫ સાંસદોથી સમેટાઈને ૪૦ આસપાસ આવી ગઈ છે. દેશમાં આજે ૧૭૦૦થી ધારાસભ્યો છે. સૌથી વધુ કાઉન્સીલરશ્રીઓ, સૌથી વધુ જીલ્લા પંચાયતો, સૌથી વધુ તાલુકા પંચાયતો, સૌથી વધુ મેયર, સૌથી વધુ સાંસદો ભાજપાના છે. દેશના ૭૦ ટકા જેટલા ભૂભાગમાં અને દેશમાં ૧૯ જેટલા રાજ્યોમાં સરકારના માધ્યમથી પ્રજાજનોની સેવા ભાજપા કરી રહી છે. ભાજપા મજબુત રહેશે તો લોકતંત્ર મજબુત બનશે. તે દેશના લોકો જાણી ગયા છે. કોંગ્રેસના સમયે માત્રને માત્ર એક પરિવાર સમૃદ્ધ થતું હતું જયારે ભાજપાની નીતિઓ, આંદોલનો અને પ્રસ્તાવો હમેંશા દેશની ભલાઈ માટે રહેલા છે. કોઈએક પરિવાર કે નેતાના મહિમા માટે નહિ પરંતુ રાષ્ટ્રવાદ સાથે ભાજપા નીકળી છે.ભાજપાના કાર્યકર્તાનો જીવનનો એકએક ક્ષણ અને એક એક કણ દેશ માટે સમર્પિત છે. રાષ્ટ્રવાદ સમર્પિત પાર્ટી બનાવીને પાર્ટીની બાગડોર નવી પેઢીના હાથમાં આપવાની ભાવના પાર્ટીની છે.

રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે અંતમાં જણાવ્યું હતું કે કટોકટીકાળના આ અધ્યાયથી લોકતંત્રને બચાવવાની શીખ સૌએ લેવી જોઈએ. લોકતંત્રની રક્ષા કરવી એ આપણી સૌની ફરજ છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ